ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી
તા. ૨૨-૬-૨૦૨૧, મંગળવાર



# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો યોગમય

### 3 લાખથી વધુ લોકોનું યોગાસન : શૈક્ષણિક સંકુલોમાં કર્મચારીઓનો યોગ અભ્યાસ, કોરોનાએ સૌને યોગ માર્ગે વાળ્યા..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ પ્રાચીન ભારતની યોગ પદ્ધતિ છેલ્લા ૬ વર્ષથી વૈશ્વિક બની ગઈ છે. તા.૨૧ જૂન, સોમવારે



૭મા વિશ્વ યોગદિનના દિવસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૩ લાખથી વધુ લોકોએ સવારે ૭-૦૦ થી ૯-૦૦ના સમયમાં પોતાની અનુકુળતા પ્રમાણે યોગાસન કરી ફોટા સોશ્યલ મીડીયામાં વાયરલ કરી વૈશ્વિક યોગ દિવસની ઉજવણીને સાર્થક કરી હતી. શાળાઓ વિદ્યાર્થીઓ વગર ખૂલી છે ત્યારે કર્મચારીઓએ ૧ કલાક યોગ અભ્યાસ કર્યો હતો. છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાના આગમનના કારણે મોટાભાગની પ્રજા યોગ માર્ગે વળી છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી હોવાથી સોમવાર સવારથી અનેક લોકો યોગમય બન્યા તેવા દ્રશ્યો જોવા મળ્યા, શૈક્ષણિક સંસ્થાઓ, એન.જી.ઓ., વિવિધ વેપારી એસોસીએશન વગેરેએ પણ પોતાને અનુકુળ હોય તે જગ્યાએ વિશ્વ યોગ દિવસ નિમિત્તે ભાગ લઈ યોગાસન કર્યા હતા. પરંતુ અગાઉના વિશ્વ યોગ દિવસ જેવી મોટાપાયે ઉજવણી કોરોનાના કારણે ક્યાંય દેખાઈ ન હતી. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને તેના ગ્રામ્ય વિસ્તારમાં અનેક જાગ્રત લોકોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી. કેટલાક વિસ્તારોમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી દરમ્યાન ઝરમરીયો વરસાદ વરસ્યો છતાં ઉજવણી કરવામાં આવી હતી.

# જિલ્લામાં વરસાદના આરંભ સાથે શાકભાજી મોંઘી થવાના અણસાર

### આયાત થતી શાકભાજીની આવકમાં ઘટાડો, વરસાદની સીઝનમાં અછતના એંધાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદના આરંભ સાથે ફરી એકવાર લીલી શાકભાજી મોંઘી થવાના અણસાર છે. સરેરાશ ૧૯ થી ૨૦ રૂા. કીલો હાલ વેચાતી શાકભાજીના ભાવમાં વધારો થઈ શકે છે. મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં ધોધમાર વરસાદ વરસવાની શરૂઆત થઈ છે જેના કારણે શાકભાજી ભરીને આવતા વાહનો રસ્તામાં અટવાતાં સ્થાનિક શાક બજારમાં રોજીંદી આવકને અસર થવા લાગી છે. ઉનાળાના મધ્યાંતરમાં શાકભાજીના ભાવમાં ભડકો થતાં ગૃહીણીઓનાં રસોડાનાં બજેટ ખોરવાયાં હતાં પરંતુ ત્યારબાદ શાકભાજીની ભરપૂર આવક થવાથી ભાવ જરૂર ઘટ્યા પરંતુ હવે ચોમાસાની સીઝનમાં શાકના વધુ ભાવ ચૂકવવા તૈયાર રહેવું પડે તેવું લાગી રહ્યું છે.

શિયાળામાં શાકભાજીની ભરપૂર આવકના કારણે ભાવ નીચા રહેતા હોય છે. જ્યારે ચોમાસાની સીઝનમાં શાકભાજીના ખેતરોમાં પાણી ભરાઈ જવાથી માંડી ઉત્પાદનમાં ધરખમ ઘટાડો થતો હોય છે. જિલ્લામાં શાકભાજીનો મહત્તમ જથ્થો મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાંથી આયાત થતો હોય છે જેથી મહારાષ્ટ્રમાં જો ધોધમાર વરસાદ વરસે તો તેની સીધી અસર શાકભાજીની આવક ઉપર થતી હોય છે. સ્વાભાવિક રીતે ચોમાસામાં ઉત્પાદન ઘટતું હોવાના કારણે શાક બજારોમાં આવક ઘટે છે જેના કારણે દર વર્ષે ચોમાસામાં શાકભાજીનો ભાવ વધતો હોય છે. આ વખતે ધાર્યા કરતાં પણ વહેલા ચોમાસાની શરૂઆત થઈ છે. સ્થાનિક શાકભાજીના ઉત્પાદનને ૧ મહિના અગાઉ તાઉતે વાવાઝોડાએ નુકસાન પહોંચાડ્યું છે જેના કારણે શાકના હોલસેલ વેપારીઓએ અન્ય રાજ્યોમાંથી આવતી શાકભાજી ઉપર આધાર રાખવો પડતો હોય છે.

# બાયડમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે કોરોના રસીકરણનો પ્રારંભ

### બાયડ પાલિકા પ્રમુખે રસીકરણ કાર્યક્રમ ખુલ્લો મૂક્યો



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

તા.૨૧ જૂન, સોમવારથી સમગ્ર રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે કોરોના વેક્સિનેશન શરૂ થયું છે. બાયડના સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલની ઉપસ્થિતિમાં કોરોના રસીકરણનો પ્રારંભ થયો હતો. તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ધર્મેન્દ્રભાઈ પરમારની નિગરાની હેઠળ તાલુકાના નિયત કરાયેલા સ્થળોએ ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે રસીકરણનો પ્રારંભ થયો ત્યારે ખાસ કરીને યુવાઓમાં વેક્સિનેશન માટે વધુ ઉત્સાહ જોવા મળ્યો.

બાયડ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ વર્ષથી વધુ વયના લોકો માટે કોરોના રસીકરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. કોરોનાનું સંક્રમણ અને તેમાંય બીજી લહેર વધુ ઘાતક બન્યા પછી કોરોનાનું સંક્રમણ ક્રમશઃ ઘટ્યું છે પરંતુ હવે ત્રીજી લહેરની સંભાવના વચ્ચે સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે રસીકરણ શરૂ થયું છે. બાયડમાં સોમવારથી ૧૮ વર્ષથી વધુના લોકો માટે સામૂહીક આરોગ્ય કેન્દ્ર-બાયડથી કામગીરી શરૂ કરવામાં આવી. બાયડ ઉપરાંત આંબલિયારા, ડેમાઈ, ગાબટ તથા સાઠંબા પ્રા.શાળામાં એક સાથે જ ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે કોરોના વેક્સિન આપવાની શરૂઆત થયાનું તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ધર્મેન્દ્રભાઈ સી. પરમારે જણાવ્યું છે.

# લીઓ કલબ-બાયડ : મલ્ટીપલના ૨ એવોર્ડ જીતી ઈતિહાસ રચ્યો

### બેસ્ટ મેડીકલ સર્વિસ અને હંગર વિભાગમાં મેદાન માર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

અરવલ્લી જિલ્લાના બાયડની લીઓ કલબ-બાયડએ મલ્ટીપલમાં સમગ્ર ગુજરાતની તમામ લીઓ કલબને પાછળ છોડી બેસ્ટ મેડીકલ સર્વિસ અને બેસ્ટ હંગર વિભાગમાં એવોર્ડ જીતી ઈતિહાસ રચ્યો છે. લીઓ કલબ-બાયડના તત્કાલિન યંગ અને



ડાયનેમિક પ્રમુખ પાર્થ અરોરા ઉપર અભિનંદન વર્ષા શરૂ થઈ છે.

સેવાકીય કાર્યોમાં લાયન્સ અને લીઓ કલબ-બાયડ દાયકાઓથી ડીસ્ટ્રીક્ટમાં છવાયેલું રહે છે. લાયન્સ કલબ-બાયડે ડૉ.પ્રકાશભાઈ જી. શાહ, ડૉ. બી.સી. શાહ(ચાર્ટર પ્રમુખ), શૈલેષભાઈ એન. શાહ, ડૉ.મહેન્દ્રભાઈ એસ. પટેલ, ડૉ. એમ.બી.પટેલ, અતુલભાઈ વી. જોષી, કમલેશભાઈ પટેલ, દેવચંદભાઈ પરમાર, સમીરભાઈ મિરઝા, રવિભાઈ પટેલ જેવા લાયન અને લીઓ ચિરાગ પરમાર જેવા નેતાઓની અણમોલ ભેટ સ્થાનિક કલબ અને ડીસ્ટ્રીક્ટને આપી છે. અડીખમ ૩ દાયકાથી લોક સેવા કરતી લાયન્સ કલબ વટ વૃક્ષ બની છે. લીઓ કલબ પણ તેના પગલે આગળ વધી રહી છે. વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન લીઓ કલબ-બાયડ દ્વારા મલ્ટીપલ કો.ચેરમેન ચિરાગ પરમારના માર્ગદર્શન હેઠળ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી હતી જેમાં મેડીકલ સર્વિસ અને હંગર વિભાગમાં લીઓ કલબ-બાયડની વિરાટ પ્રવૃત્તિને ધ્યાને લઈ મલ્ટીપલ દ્વારા ૨ એવોર્ડ આપી કલબને સમગ્ર ગુજરાતમાં ગૌરવવંતી બનાવાતાં લાયન્સ ડીસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી.-૧ ના લાયન નેતાઓએ લીઓ કલબ-બાયડની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

# અરવલ્લીમાં બાજપાઈ બેન્કેબલ યોજના ૧ વર્ષથી સ્થગિત : વેપાર-ધંધાને માઠી અસર

### કોરોના કાળમાં યોજના બંધ હોવાથી વેપારી વર્ગની હાલત કફોડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧ વર્ષથી બાજપાઈ બેન્કેબલ યોજના સ્થગિત કરવામાં આવતાં નાના વેપારીઓ અને ધંધાર્થીઓની હાલત કફોડી બની છે. કોરોના કાળમાં ધંધા-રોજગારોને અગણિત નુક્સાન પહોંચ્યું છે તેવા સંજોગોમાં પગભર બનાવતી બેન્કેબલ યોજના બંધ હોવાના કારણે લોનથી ધંધો કરવા ઈચ્છતા લોકો હાલાકીમાં મૂકાયા છે. સરકારે ૧ જૂન-૨૦૨૦ થી બાજપાઈ બેન્કેબલ યોજના સ્થગિત કરી છે જેના કારણે લોન ઉપર ધંધા-રોજગાર કરનાર લાભાર્થીઓ સમસમી ઉઠ્યા છે.

બાજપાઈ બેન્કેબલ યોજના દ્વારા નાના ગૃહ ઉદ્યોગ, પશુપાલન, ધંધા-વેપાર માટે રૂા.૧૦ હજારથી ૧૦ લાખ સુધીની લોન આપવામાં આવતી હતી જેમાં મહિલા વર્ગ, સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગ માટે અલગથી સબસીડી આપવામાં આવતાં અસંખ્ય જરૂરીયાતમંદ માટે સરકારની આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ હતી પરંતુ છેલ્લા ૧ વર્ષથી સરકારે આ યોજના સ્થગિત કરતાં અરવલ્લી જિલ્લાના અસંખ્ય લોન ઈચ્છુકો કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયા છે. કોરોનાની મહામારીમાં જરૂરીયાતના સમયે યોજના બંધ થવાથી ધંધા-રોજગારોને માઠી અસર થઈ છે. મહામારીનું સંક્રમણ અને ત્યારબાદ તબક્કાવારના લૉકડાઉનથી સામાન્યથી મધ્યમ વર્ગના ધંધા-રોજગાર છીનવાઈ ગયા છે. કોરોનાના કારણે પડેલ આર્થિક ફટકો સહી ન શકતા વેપારી અને ધંધાર્થીઓને ઉંચા વ્યાજે ધંધા માટે પૈસા લેવાની નોબત આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના માધ્યમથી ચાલતી આ યોજનાએ રાજગારીના નવા રસ્તા ખોલ્યા હતા પરંતુ સરકારના આદેશના કારણે યોજના બંધ કરવામાં આવતાં ઓછા વ્યાજદર અને સબસીડીની આશાઓ ઉપર પાણી ફરી વળ્યું છે.

#### 3 વર્ષમાં 3 કરોડની સબસીડી અપાઈ હતી

બાયડ : બાજપાઈ બેન્કેબલ યોજના સ્થગિત કરવામાં આવતાં લોન લઈ ધંધા-રોજગાર ચલાવનાર વેપારી વર્ગ મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાયો છે. ૧ વર્ષથી ઓછા વ્યાજની યોજના સ્થગિત છે અને તેમાંય કોરોનાએ ધંધા-રોજગારની કમર તોડી નાખી છે. યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના માધ્યમથી કુલ-૪૫,૦૦૬ લાભાર્થીઓને રૂા.૩,૦૭,૩૧,૪૦૦ની સબસીડી આપવામાં આવતાં ધંધા-રોજગારોને વેગ મળ્યો હતો પરંતુ હવે સબસીડી ચૂકવાયા પછી આ યોજના બંધ થતાં રોજગાર મેળવીને પગભર થવાનું સ્વપ્ન રોળાયું છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં ઝરમરીયો વરસાદ



### વાવણી લાયક વરસાદની રાહ જોતા ધરતીપુત્રો : દ્વિ-ચક્રી વાહન ચાલકો અને રાહદારીઓ ભીંજાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી કાળાં ડીબાંગ વાદળોની જમાવટ પછી ચોમાસુ જામ્યું હોય તેવું લાગી રહ્યું છે પરંતુ અનેક વિસ્તારોમાં વાવણી લાયક વરસાદની ધરતીપુત્રો રાહ જોઈને બેઠા છે. સોમવારે સાબરકાંઠા, અરવલ્લીમાં ઝરમરીયો વરસાદ ચાલુ રહ્યો હતો. દ્વિ-ચક્રી વાહન ચાલકો અને રાહદારીઓ વરસાદમાં ભીંજાવવાની સાથે મોંઘેરા વરસાદની મોજ માણતા જોવા મળ્યા. વરસાદી માહોલ છતાં બફારાનું પ્રમાણ વધુ રહેતાં પ્રજા અકળાતી જોવા મળી.

ઓણ સાલ ચોમાસુ ક્યારે બેઠું તે પ્રજા અને ખેડૂતોને ખબર પડી નથી. તાઉતે વાવાઝોડાની આડઅસર અને ત્યાર પછી અનેક વિસ્તારોમાં વરસેલા વરસાદના કારણે જૂન મહિનાના વરસાદના તમામ રેકોર્ડ અરવલ્લી જિલ્લામાં નવા નોંધાયા છે તેમ છતાં ખેડૂતો વાવણી કરવા માટે પ્રોત્સાહીત થાય તેવો ધમાકેદાર વરસાદ ૧૪ તાલુકાઓમાં વરસ્યો નથી. જેના કારણે આકાશી ખેતી ઉપર નિર્ભર રહી ખેતી કરતા ખેડૂતો હજુ પણ વાવેતરમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે. સોમવાર પરોઢથી જિલ્લામાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટ અને ઝરમરીયો વરસાદ દિવસ દરમ્યાન ચાલુ રહેતાં પ્રજા છબછબીયા વરસાદમાં ભીંજાતી જોવા મળી. બજારોમાં પણ ઝરમરીયા વરસાદની ગ્રાહકો ઉપર કોઈ અસર જોવા મળી ન હતી. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના પોશીના, હિંમતનગર, મોડાસા, મેઘરજ, ભિલોડા, ધનસુરા અને બાયડમાં ૫ થી ૨ મિમી વરસાદ નોંધાયાનું ફલડ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

# અરવલ્લી જિલ્લા સેવા સદનમાં કોરોનાને આમંત્રણ આપતી અરજદારોની ભીડ

### સરકારી કચેરીઓમાં સોશ્યલ ડિસ્ટન્સના ઉડતા ધજાગરા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

અરવલ્લી જિલ્લા સેવા સદનમાં કોરોનાની ગાઈડલાઈનના ધજાગરા ઉડવા લાગ્યા છે. જિલ્લા સેવા સદનની વિવિધ સરકારી કચેરીઓમાં કામ અર્થે આવતા અરજદારોની ભીડમાં વધારો તો થયો પરંતુ કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરાવનાર કોઈ ન હોવાથી કોરોનાના સંક્રમણને ખુલ્લેઆમ આમંત્રણ અપાતું હોય તેવી સ્થિતિ છે. અરજદારો તો ઠીક પરંતુ કેટલાક સરકારી બાબુઓ માસ્ક વગર ફરતા હોવાની ગંભીર વિગતો સામે આવી છે.

કોરોનાની બીજી લહેર આવતા પૂર્વે તંત્ર દ્વારા રાખવામાં આવેલી બેદરકારી અત્યંત ઘાતક સાબિત થઈ છે. સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્કના નિયમમાં રાખવામાં આવેલી ઢીલ ભારે પડી હોવા છતાં તંત્ર કોઈ બોધપાઠ લેવા તૈયાર ન હોય તેવું હમણાંથી લાગી રહ્યું છે. જિલ્લામાં કોરોના ઉપર સંપૂર્ણ અંકુશ આવ્યો નથી. સંક્રમિત કેસની સંખ્યા માંડ ઘટી છે ત્યાં સરકારી કચેરીઓમાં જ નિયમોનો ઉલાળીયો થઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લા સેવા સદનમાં અરજદારોની લાંબી કતારો વચ્ચે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું છે. અરજદારો તો ઠીક પરંતુ સરકારી કર્મચારીઓ પણ માસ્ક વગર એક કચેરી થી બીજી કચેરીએ ફરતા થતાં ફરીથી સંક્રમણ બેકાબુ બનવાની આશંકા છે. સરકાર એક તરફ કોરોનાની ત્રીજી લહેરની તૈયાર કરી રહી છે અને સંક્રમણ ઉપર સંપૂર્ણ અંકુશ મૂકવા માટે સરકારની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવા માટે આમ આદમી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. પરંતુ જિલ્લા સેવા સદનમાં સરકારી નિયમોના થતા ઉલ્લંઘન સામે અધિકારીઓ તેરી ભી ચૂપ ઔર મેરી ભી ચૂપ..જેવું વલણ અપનાવતા હોય તેવી તાસિર ઉભરી છે. અનલૉક પછી તમામ સરકારી કચેરીઓ કાર્યરત થતાં અરજદારોની હાજરીથી જિલ્લા સેવા સદન ધમધમવા લાગ્યું છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા સરકારી ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરાવવામાં નહીં આવે તો માંડ થાળે પડેલી સ્થિતિ વણસી શકે છે.

# અરવલ્લી જિલ્લામાં કોરોના રસીકરણ મહા અભિયાનનો આરંભ કરાયો



ભિલોડા,તા.૨૧

૨૧ જૂન વિશ્વ યોગ દિવસના દિવસે કોરોના જેવી મહામારી સામે રક્ષણ મેળવવા અંગે સમગ્ર રાજ્યનાં ૩૩ જિલ્લા અને ૮ કોર્પોરેશન ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કોરોના રસીકરણ મહાઅભિયાનનો આરંભ કરાયો. જેમાં કોર્પોરેશન દીઠ ૨૫ વેક્સીનેશન સાઈટ તથા રાજ્યના ૧૦૨૫ સ્થળો પર કોરોના રસીકરણ મહાભિયાનનો શુભારંભ કરાયો. જેમાં રાજ્યના ૫૦૦૦ રસીકરણ સાઈટ ખાતેથી લાભાર્થીઓનું રસીકરણ કરાશે.

જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પણ ૧૮ વર્ષથી ઉપરની ઉમર ધરાવતા તમામ લોકોને રસીકરણ હેઠળ આવરી લેવા માટે જિલ્લાના ૬ તાલુકામાં પણ કોરોના રસીકરણ મહાઅભિયાનનો આરંભ કરાયો.

જેમાં કોટેઝ હોસ્પિટલ ભિલોડા ખાતેથી ભીલોડા ધારાસભ્યશ્રી ડૉ. અનિલભાઈ જોષીયારાએ શુભારંભ કરાવ્યો હતો. ટોરડા આરોગ્ય કેન્દ્ર પરથી ભીલોડા તાલુકા પ્રમખશ્રીએ તથા મેઘરજથી જિલ્લા ઉપપ્રમુખ શ્રી કનુભાઈ મનાતે અને જિલ્લાના તમામ તાલુકાઓમાં પણ પદાધિકારીશ્રી ઓએ આ મહાઅભિયાનમાં જોડાઈ રસી લેવા માટે લોકોને પ્રેરિત કર્યા હતા.

જ્યારે બાયડ તાલુકાના પ્રાંત અધિકારી શ્રીએ વેક્સીન સેન્ટરની મુલાકાત લઈ લોકોને રસી લેવા માટે આગ્રહ કર્યો હતો.

# ગાયત્રી શક્તિપીઠ-બાયડ, ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસામાં ગાયત્રી જયંતિની આસ્થા સાથે ઉજવણી

### ગુરૂદેવના નિર્વાણ દિવસ નિમિત્તે ગાયત્રી પરીજનો વધુ ભાવુક થયા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

શાંતિકુંજ હરિદ્વાર ગાયત્રી તિર્થના પ્રણેતા ગુરૂદેવ રામશર્મા આચાર્યના નિર્વાણ દિવસ, તા.૨૦ જૂનના રોજ ગાયત્રી જયંતિની ગાયત્રી શક્તિપીઠ-બાયડ, ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસા સહિત જિલ્લાના ગાયત્રી મંદિરોમાં આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂદેવના નિર્વાણ દિવસ નિમિત્તે અનેક ગાયત્રી પરીજનો ભાવુક બન્યા હતા.

ગત રોજનો દિવસ ત્રિ-વિધ બની રહ્યો. ગાયત્રી જયંતિ, ગંગા દશહરા તથા ગુરૂદેવના નિર્વાણ દિવસની ઉજવણી થઈ. ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં પરોઢથી જ ગાયત્રી પરિજનો આવી પહોંચ્યા હતા. શાંતિકુંજ હરિદ્વારની કેસેટ મારફતે ધ્યાન તેમજ વેદમાતા, દેવમાતા, વિશ્વ માતા, હંસવાહન પૂંજા, ગંગા દશહરા પૂંજા, પ્રખર પ્રજ્ઞા તથા સજલ શ્રદ્ધા પાદૂકાઓનું પૂંજન કરવામાં આવ્યું.

ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલક મનહરભાઈ પટેલનું કોરોના સંક્રમિત થયા પછી હૃદય રોગના હુમલાથી મોત નિપજતાં ગાયત્રી શક્તિપીઠ-બાયડના ઈતિહાસમાં તેમની ઉપસ્થિતિ વગર ગાયત્રી જયંતિની ઉજવણી દરમ્યાન ગાયત્રી પરીજનો વધુ ભાવુક થયા હતા. નવા નિમાયેલા પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય અને ચેતનાબેન પટેલની નિશ્રામાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ ગાયત્રી જયંતિની ઉજવણી પછી યજ્ઞ કરવામાં આવ્યો હતો. તે જ રીતે મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર, ચોરીવાડ સહિતના જિલ્લામાં આવેલા ગાયત્રી મંદિરોમાં ગાયત્રી જન્મ જયંતિ નિમિત્તે પાટોત્સવ સહિત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોનામાં જિલ્લાના ૨૫ થી વધુ ગાયત્રી પરીજનોના મોત નિપજ્યા હોવાથી મૃતક પરીજનોના આત્માને શાંતિ મળે તે માટે વિશેષ મંત્રો અને આહૂતિ આપવામાં આવી હતી.

# શાંતિકુંજની સ્થાપનાની સુવર્ણ જયંતિ નિમિત્તે ટપાલ ટીકીટનું વિમોચન

બાયડ : શાંતિકુંજની સ્થાપનાને સુવર્ણ જયંતિ ઉપર ગાયત્રી જયંતિના દિવસે ખાસ



ટપાલ ટીકીટનું વિમોચન કરવામાં આવ્યું હતું. પંડીત શ્રી રામ શર્મા આચાર્યજીએ પ્રચંડ તપસ્યા કરી ગાયત્રી મહામંત્રના આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક મહત્વ સાથે વિશ્વભરમાં પહોંચાડી ૧૫ કરોડથી પણ વધારે સાધકોના જીવનમાં બદલાવ લાવ્યા છે. વર્ષ-૧૯૭૧માં ગાયત્રી તિર્થ શાંતિકુંજની સ્થાપના કરવામાં આવી. જેને વર્ષ-૨૦૨૧ માં ૫૦ વર્ષ પૂર્ણ થયાં છે જેથી સુવર્ણ જયંતિ ઉજવાઈ રહી છે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદની ઓનલાઈન ઉપસ્થિતિ તેમજ ઉત્તરાખંડના મુખ્ય મંત્રી તિરથસિંહ રાવત, શાંતિકુંજના શ્રધ્યેયા શૈલજીજી, શ્રધ્યેય ડૉ.પ્રણવ પંડ્યાજીની ઉપસ્થિતિમાં ટપાલ ટીકીટનું વિમોચન થયું ત્યારે અરવલ્લી જિલ્લાના ગાયત્રી પરીજનોએ ખુશી અનુભવી હતી.